# વિધાનસભાના પ્રથમ દિવસે જ 'વંદે માતરમ' પર વિવાદ

**કોંગ્રેસના** ખેડાવાલા અડધું ગાન પૂરું થતાં બેસી ગયા, ભાજપનો આકરો વિરોધ

ગાંધીનગર: ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ 'વંદે માતરમ્'ના ગાનને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે રાજકીય ઘર્ષણ સર્જાયું હતું. વંદેમાતરમ્ ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પોતાની બેઠક પર બેસી જતા ભાજપે આકરી ટીકા કરી તેને રાષ્ટ્ર અને સંસદીય પરંપરાનું અપમાન ગણાવ્યું હતું. બીજી તરફ ખેડાવાલાએ પોતાના બચાવમાં સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે 1937માં ગાંધીજી, સરદાર પટેલ અને રવીન્દ્રનાથ ટાગોરના સમયથી ગવાતા ભાગ સુધી તેઓ ઊભા રહ્યા હતા, ત્યારબાદ ઉમેરાયેલી પંક્તિઓ વખતે બેસી ગયા હતા. તેમણે આ નિર્ણયને પોતાનું વ્યક્તિગત વલણ ગણાવી કહ્યું કે દેશપ્રેમ માટે તેમને ભાજપના પ્રમાણપત્રની જરૂર નથી.

ભાજપે સમગ્ર ઘટનાને ગંભીર ગણાવી કોંગ્રેસ પાસે સ્પષ્ટતા માગી છે કે ખેડાવાલાનું વલણ વ્યક્તિગત છે કે પક્ષનું. ભાજપના ધારાસભ્યો દ્વારા વિધાનસભા અધ્યક્ષ સમક્ષ રજૂઆત કરી નિયમ મુજબ કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવનાર હોવાનું જણાવાયું છે. ભાજપના ધારાસભ્ય મહેશ કસવાલાએ કહ્યું હતું કે વિધાનસભા લોકશાહી અને આસ્થાનું પ્રતીક છે અને આ ઘટનાને જનતા સુધી લઈ જવાશે.

### ખેડાવાલાનો ખુલાસો: '1937ના વર્ઝન સુધી ઊભો રહ્યો'

વિવાદ વચ્ચે ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે 'વંદે માતરમ્' શરૂ થયું ત્યારે તેઓ માનપૂર્વક ઊભા હતા. 1937માં ગાંધીજી, સરદાર પટેલ અને રવીન્દ્રનાથ ટાગોરના સમયમાં જે રીતે ગીત ગવાતું હતું, તેટલા ભાગ સુધી તેમણે ઊભા રહીને સન્માન આપ્યું હતું. ત્યારબાદ ઉમેરાયેલી પંક્તિઓ શરૂ થતાં બેસવાનો નિર્ણય તેમણે લીધો હોવાનું જણાવ્યું હતું. તેમણે આ નિર્ણય કોંગ્રેસનું નહીં પરંતુ પોતાનું અંગત વલણ હોવાનું પણ સ્પષ્ટ કર્યું હતું.

### ભાજપનો પલટવાર: 'આ વ્યક્તિગત નહીં, દેશનો મુદ્દો'

ભાજપના ગુજરાતના મુખ્ય પ્રવક્તા અનિલ પટેલે ખેડાવાલાના વર્તન અને ત્યારબાદના નિવેદનને નિંદનીય ગણાવી આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ચૂંટાયેલા જનપ્રતિનિધિની જવાબદારી બંધારણ પ્રત્યે હોય છે અને 'વંદે માતરમ્'ના ગાન દરમિયાન આ પ્રકારનું વર્તન ગંભીર બાબત છે. તેમણે કોંગ્રેસને ખેડાવાલાના વલણ અંગે પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવા કહ્યું હતું.

### વિધાનસભામાં આવી ઘટના અગાઉ ક્યારેય બની નથી: મંત્રી પ્રવીણ માળી

રાજયકક્ષાના મંત્રી પ્રવીણ માળીએ આ ઘટનાને લઈને સરકાર વતી આકરો વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે, વિધાનસભા ગૃહમાં વર્ષોથી ગવાતા 'વંદે માતરમ્' દરમિયાન ઇમરાન ખેડાવાલાનું બેસી જવું સંસદીય પરંપરા અને રાષ્ટ્રીય ગીતનું અપમાન છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે ખેડાવાલાએ આ કૃત્ય જાણી જોઈને કર્યું હતું કે પછી ભૂલથી થયું હતું, તેનો સ્પષ્ટ ખુલાસો કરવો જોઈએ. જો ભૂલથી થયું હોય તો તેમણે ગૃહ સમક્ષ માફી માગવી જોઈએ તેવી માંગ સાથે માળીએ જણાવ્યું હતું કે વિધાનસભામાં આવી ઘટના અગાઉ ક્યારેય બની નથી અને આ અંગે સરકાર વતી ગૃહમાં રજૂઆત કરીને જરૂરી કાર્યવાહી માટે વાત મૂકવામાં આવશે. ભાજપના ધારાસભ્ય મહેશ કસવાલાએ પણ આ ઘટનાને સંસદીય પરંપરાનું અપમાન ગણાવી અધ્યક્ષને રજૂઆત કરવાની અને સમગ્ર મુદ્દો જનતા સુધી લઈ જવાની જાહેરાત કરી હતી.

### અસરગ્રસ્ત પરિવારને રૂ.6,800 સુધીની સહાય

પૂરના કારણે વ્યવસાય કે નોકરી પર જઈ ન શકનાર વ્યક્તિને દૈનિક રૂ.300 મુજબ ત્રણ દિવસ માટે રોકડ સહાય આપવામાં આવે છે. એક પરિવારના વધુમાં વધુ બે વ્યક્તિને આ સહાય મળવાપાત્ર હોવાથી કુલ રૂ.1,800ની રોકડ સહાય મળે છે. આ ઉપરાંત ઘરવખરી માટે રૂ.2,500 અને કપડાં સહિતની જરૂરિયાતો માટે રૂ.2,500ની સહાય મળી, અસરગ્રસ્ત પરિવારને કુલ રૂ.6,800 સુધીની સહાય આપવામાં આવી રહી છે. જરૂરિયાત જણાય તો આ સહાયમાં વધુ વધારો કરવાની પણ સરકારની તૈયારી છે.

### રાજ્યમાં 54.97 લાખ સ્માર્ટ મીટર લગાવાયાં

ગાંધીનગર: રાજ્યમાં સરકારી વીજ કંપનીઓ દ્વારા તા. 31 જુલાઈ, 2026ની સ્થિતિએ કુલ 54,97,022 સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. આ મીટરો પાછળનો કુલ ખર્ચ રૂ.4,871.51 કરોડ થવાનો છે. જે સ્માર્ટ મીટરો લગાવવામાં આવ્યા છે, તેમાં રાજ્યની સરકારી ઇમારતોમાં કુલ 2,11,441 સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. સરકારી ઇમારતોમાં લગાવવામાં આવેલા આ મીટરોનો કુલ ખર્ચ રૂ.186.90 કરોડ થવાનો છે.

### જમીન દફ્તર નિરીક્ષક વર્ગ-૨ની ૧૬૫ ખાલી જગ્યાઓ ભરાશે

ગાંધીનગર: રાજ્યમાં જમીન દફ્તર નિરીક્ષક વર્ગ-૨ની રાજ્યમાં મંજૂર થયેલી ૩૨૬ જગ્યા પૈકી હાલ ૧૬૧ જગ્યાઓ ભરાયેલી છે, જ્યારે બાકી ૧૬૫ જગ્યાઓ આગામી સમયમાં ભરવામાં આવશે. વિધાનસભા ગૃહમાં મહેસૂલ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે સરકારી જગ્યાઓ ભરાવા અને નિવૃત્તિ સહિતના કારણોસર ખાલી થવી એ સતત ચાલતી વહીવટી પ્રક્રિયા છે. ખાલી જગ્યાઓની સમયાંતરે સમીક્ષા કરીને ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થતાં તાલુકા કક્ષાની વહીવટી સેવાઓ વધુ સુદૃઢ બનશે અને સંબંધિત કામગીરી એક જ કાર્યાલય ખાતેથી થઈ શકવાથી નાગરિકોને તાલુકા મથકે ઝડપી અને સરળતાથી સેવાઓ મળી શકશે.

### સુરતના ૬૯૭ ગામમાં ખેતીવાડી વીજ જોડાણ ઉપલબ્ધ

ગાંધીનગર: ખેડૂતોને રાત્રિના સમયે ખેતરમાં પાણી પાવા માટે થતી હાલાકીમાંથી મુક્તિ અપાવવાના હેતુથી અમલમાં મૂકાયેલી કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત સુરત જિલ્લામાં તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૬૯૭ ગામમાં ખેતીવાડી વીજ જોડાણો ઉપલબ્ધ છે અને આ તમામ ૬૯૭ ગામને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસ દરમિયાન વીજળીનો લાભ મળી રહ્યો છે. એટલે કે ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગામોમાં દિવસે વીજળી પહોંચાડવામાં સુરત જિલ્લો ૧૦૦ ટકા સિદ્ધિ સુધી પહોંચ્યો છે. ગુજરાત વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં સરકારે માહિતી આપી હતી કે કિસાન સૂર્યોદય યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોને ખેતી માટે દિવસ દરમિયાન વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવી રાત્રિના સમયે સિંચાઈ કરવાની ફરજમાંથી મુક્તિ આપવાનો છે.

### સર્વાઇકલ કેન્સર: એચપીવી રસીકરણમાં ગુજરાત પ્રથમ

ગાંધીનગર: સર્વાઇકલ કેન્સર સામે કિશોરીઓને સુરક્ષિત કરવા ગુજરાતમાં હાથ ધરાયેલા એચપીવી રસીકરણ અભિયાનને નોંધપાત્ર સફળતા મળી છે. 4 સપ્ટેમ્બર 2026 સુધીમાં રાજ્યની 6 લાખથી વધુ કિશોરીઓને એચપીવી રસીનું વિનામૂલ્યે સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે, જેના પગલે આ રસીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને રહ્યું છે. ગુજરાતની કામગીરીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે રાજ્યને વધુ 2.72 લાખ રસીના ડોઝ ફાળવ્યા છે.

### ભારે વરસાદથી રસ્તાને નુકસાન અટકાવવા RCC રોડ બનાવાશે

ગાંધીનગર: વલસાડ જિલ્લામાં ચોમાસા દરમિયાન ભારે તથા અતિભારે વરસાદના કારણે વારંવાર રસ્તાઓને નુકસાન થતું હોવાનો સરકારના ધ્યાને આવ્યું છે. રસ્તાના સમારકામ પાછળ થતો ખર્ચ ઘટાડવા અને રસ્તાઓને કાયમી ધોરણે વધુ સુરક્ષિત બનાવવા માટે જે સ્થળોએ લાંબા સમય સુધી પાણી ભરાઈ રહે છે ત્યાં સિમેન્ટ-કોંક્રિટના રસ્તાની કામગીરી મંજૂર કરવામાં આવી છે. સરકાર દ્વારા આપવામાં આવેલી વિગતો પ્રમાણે ચોમાસામાં પાણીના વહેણથી જે નાળાં અને માળખાં ઉપરથી પાણી વહી જાય છે, ત્યાં વધુ ઊંચાઈવાળા પુલિયા, પાટિયા નાળાં તથા પુલ બનાવવાની કામગીરી હાથ ધરાશે. જે સ્થળે માત્ર પુલના જોડાણ માર્ગો પાણીમાં ડૂબે છે ત્યાં રસ્તાની ઊંચાઈ વધારવાની કામગીરી કરવામાં આવી રહી છે. રસ્તાના નીચલા અને આધાર સ્તરને મજબૂત બનાવવા નવી તકનીકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રસ્તાની બંને બાજુના ભાગોની સતત જાળવણી ઉપરાંત વરસાદી પાણીના ધસમસતા પ્રવાહથી રસ્તાની સપાટીનું ધોવાણ અટકાવવા રક્ષણ દિવાલ તથા પથ્થર ભરેલી જાળીદાર દિવાલ બનાવવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે જરૂરી સ્થળોએ સિમેન્ટ-કોંક્રિટના નાળાં બનાવવાની કામગીરીને પણ મંજૂરી આપવામાં આવી છે.

# સાઉદી અરેબિયા પર હુથીના હુમલાથી ભારતમાં ફુગાવો અને આર્થિક સંકટ પેદા થશે



અમેરિકાએ ઈરાની તેલ ટેન્કરો પર હુમલો કર્યો અને હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયાના ઊર્જા માળખાને નિશાન બનાવ્યું છે. તેને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષમાં એક નવા અને ગંભીર તબક્કા તરીકે જોવામાં આવી રહ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે ઓગસ્ટના અંતથી તેલના ભાવમાં તીવ્ર વધારો થયો છે. જૂનના મધ્યમાં બંને દેશો વચ્ચે થયેલા કરાર પછી તણાવ થોડા સમય માટે ઓછો થયો હતો, પરંતુ હવે તે સમયગાળો પૂરો થઈ ગયો છે.

અગાઉ એપ્રિલના અંતમાં બ્રેન્ટના ભાવ ૧૨૬ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા હતા. જુલાઈમાં તે ઘટીને ૭૦ ડોલર થઈ ગયા હતા. મંગળવારે અમેરિકાએ ઈરાની તેલ ટેન્કરો પર હુમલો કર્યો અને હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયાના ઊર્જા માળખાને નિશાન બનાવ્યું, જેના કારણે ખનિજ તેલના ભાવમાં વધારો થયો છે.

અમેરિકાના હુમલા બાદ ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થયો. બેન્ચમાર્ક બ્રેન્ટ સોમવારના ૯૯.૩૪ ડોલર પ્રતિ બેરલથી ૧.૫ ટકા વધીને મંગળવારે સવારે ૯૯.૪૪ ડોલર થયો હતો. કિંમતોમાં વધારો થવા પાછળનાં મુખ્ય પરિબળોમાં મધ્ય પૂર્વના ભૌગોલિક-રાજકીય સંઘર્ષો છે, જેમાં પર્સિયન ગલ્ફમાં અમેરિકા-ઈરાન સંઘર્ષ, યમનમાં સાઉદી અરેબિયા અને હુથીઓ વચ્ચેનો સંઘર્ષ તેમજ રશિયા-યુક્રેન યુદ્ધનો સમાવેશ થાય છે.

યુએસ સેન્ટકોમે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા અમેરિકન યુદ્ધ જહાજને નિશાન બનાવતી બે બેલિસ્ટિક મિસાઇલો છોડવામાં આવી હતી. તેના જવાબમાં અમેરિકન સેનાએ પાંચ ઈરાની ક્રૂડ ઓઇલ ટેન્કરોનો નાશ કર્યો હતો. ક્રૂડ ઓઇલના વધતા ભાવ ભારતના આયાત બિલમાં વધારો કરશે, જેના કારણે ભારતીય અર્થતંત્ર માટે સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. ભારત તેની ખનિજ તેલની જરૂરિયાતના લગભગ ૯૦ ટકા જેટલું તેલ આયાત કરે છે. તેથી, ક્રૂડ ઓઇલના વધતા ભાવનો અર્થ એ છે કે ભારતે સમાન પ્રમાણમાં તેલ ખરીદવા માટે વધુ ડોલર ખર્ચવા પડશે.

યુદ્ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર દેશ ભારત આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલના ભાવમાં વધઘટની સીધી અસર પામે છે. વિશ્લેષકો કહે છે કે તેલના ભાવમાં સતત વધારો ભારતના ડોલર-નિર્ધારિત આયાત બિલમાં વધારો કરશે અને વેપાર સંતુલન તથા રૂપિયા પર દબાણ લાવી શકે છે.

ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ ભારતમાં ઇંધણ, પરિવહન અને અન્ય ઊર્જા સંબંધિત ખર્ચ દ્વારા સ્થાનિક ફુગાવાને પણ અસર કરી શકે છે. હાલમાં પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવ ત્રણ મહિનાથી વધુ સમયથી યથાવત છે. છેલ્લે ભાવ વધારો ૨૫ મેના રોજ કરવામાં આવ્યો હતો, જ્યારે પેટ્રોલમાં પ્રતિ લિટર ૨.૬૧ રૂપિયા અને ડીઝલમાં પ્રતિ લિટર ૨.૭૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ જેવી ઈંધણ કંપનીઓના માર્જિન પર દબાણ લાવશે. મધ્ય પૂર્વની કટોકટી બાદ તેલના ભાવ વધારાનો સંપૂર્ણ બોજ ગ્રાહકો પર નાખવામાં અસમર્થતાને કારણે આ કંપનીઓ પહેલેથી જ સંચિત નુકસાનનો સામનો કરી રહી છે. ઈરાન સમર્થિત હુથી બળવાખોરો મધ્ય પૂર્વમાં ઊર્જા માળખાને નિશાન બનાવી રહ્યા છે, પુરવઠા સંકટને વધારી રહ્યા છે, વૈશ્વિક અર્થતંત્રોમાં ફુગાવાને વેગ આપી રહ્યા છે અને બોન્ડ બજારોમાં વેચવાલીનું કારણ બની રહ્યા છે. હુમલો કરાયેલા ટેન્કરો ઈરાનના શેડો નેટવર્કનો ભાગ હતા, જે IRGC અને તેના પ્રાદેશિક સાથીઓને ભંડોળ પૂરું પાડે છે. હુમલા પહેલાં ટેન્કરોના ક્રૂને જહાજ છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઈરાનના મુખ્ય તેલ નિકાસ કેન્દ્ર ખાર્ગ ટાપુ નજીક જહાજોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

ઈરાનની બેલિસ્ટિક મિસાઇલો દ્વારા નિશાન બનાવવામાં આવેલા અમેરિકન યુદ્ધ જહાજને કોઈ નુકસાન થયું નથી અને કોઈ અમેરિકન કર્મચારી ઘાયલ થયો નથી. અમેરિકાએ છેલ્લા ચાર દિવસમાં આઠ ઈરાની તેલ ટેન્કરો પર હુમલો કર્યો છે.

અમેરિકાએ કહ્યું કે તેહરાન દ્વારા બે અમેરિકી યુદ્ધ જહાજો પર મિસાઇલો છોડ્યા બાદ તેણે ત્રણ ઈરાની ક્રૂડ ઓઇલ ટેન્કરોને નિશાન બનાવ્યા હતા. એક જહાજ અને એક માર્ગદર્શિત-મિસાઇલ ડિસ્ટ્રોયર IRGCના હુમલામાંથી બચી ગયા હતા. ઈરાની રિવોલ્યુશનરી કોર્પ્સે જણાવ્યું હતું કે ઈરાની તેલ ટેન્કરો પર તાજેતરના અમેરિકન હુમલાના જવાબમાં તેણે બે અમેરિકન જહાજો અને આઠ તેલ ટેન્કરોને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. તેણે હોર્મુઝ સ્ટ્રેટના પ્રતિબંધિત અને અસુરક્ષિત વિસ્તારમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા ૧૦ જહાજોને નિશાન બનાવ્યા હતા. તેણે જોર્ડનમાં અમેરિકાના અલ-અઝરાક એર બેઝ પર બેલિસ્ટિક મિસાઇલોથી હુમલો કર્યો હતો. તેણે કહ્યું હતું કે આ હુમલામાં જાળવણી અને સમારકામના હેંગરો, તૈયારી સુવિધાઓ અને ફાઇટર જેટ આશ્રયસ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

વિશ્લેષકોએ આ વર્ષના બાકીના સમય માટે અને ૨૦૨૭ સુધી ક્રૂડ ઓઇલના ભાવની આગાહી વધારવાનું શરૂ કર્યું છે. તેનું કારણ એ છે કે આ પ્રદેશમાંથી તેલ અને ગેસના પુરવઠામાં વિક્ષેપ લાંબા સમય સુધી ટકી શકે છે તેવી સમજ વધી રહી છે. યુરેશિયા ગ્રુપે ચેતવણી આપી છે કે ચીનની માંગમાં સુધારો અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા મડાગાંઠને કારણે તેલના ભાવ ટૂંક સમયમાં ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઉપર પહોંચી શકે છે. અમેરિકા અને ઇઝરાયલ સાથે મહિનાઓ સુધી ચાલેલા લશ્કરી સંઘર્ષને કારણે પ્રતિબંધો, માલની આયાત અને નિકાસમાં ઘટાડો તથા વિદેશી હૂંડિયામણની કમાણીમાં ઘટાડાને કારણે ઈરાનની અર્થવ્યવસ્થા દબાણ હેઠળ છે. હાલમાં પર્સિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ માર્ગો પરના પ્રતિબંધોએ ઈરાનના વિદેશી વેપારને સૌથી વધુ અસર કરી છે. ઈરાનના કસ્ટમ વડા ફોરોદ અસગરીએ જણાવ્યું હતું કે ૨૦૨૬ની શરૂઆતથી ૧૫ ઓગસ્ટ સુધીમાં દેશની તેલ સિવાયની નિકાસ લગભગ ૧૫ અબજ ડોલર હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ૨૮.૨ ટકા ઓછી છે. આયાત પણ ૨૬.૧ ટકા ઘટીને ૧૭ અબજ ડોલર થઈ ગઈ છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને કહ્યું કે આયાત અને નિકાસમાં ૨૫થી ૩૫ ટકાનો ઘટાડો થયો છે. ઈરાનના મુખ્ય નિકાસ ટર્મિનલની સ્થિતિ વધુ ખરાબ છે. ઓગસ્ટ ૨૦૨૬થી કોઈ ટેન્કર ખાર્ગ ટાપુ પર ગયું નથી, જે ઈરાનની લગભગ ૯૦ ટકા તેલ નિકાસનો સ્રોત છે. સેટેલાઇટ છબીઓનું વિશ્લેષણ કરતી વિન્ડવર્ડ મરીન ઇન્ટેલિજન્સે અહેવાલ આપ્યો છે કે ટાપુના ત્રણ બંદરો લાંબા સમયથી ખાલી હતા.

એનર્જી એસ્પેક્ટ્સ થિંક ટેન્કના ભૂ-રાજનીતિના વડા રિચાર્ડ બર્ન્સે જણાવ્યું હતું કે નૌકાદળની નાકાબંધીથી ઈરાનની કામગીરી પર અસર પડી છે. પરિસ્થિતિનો સામનો કરવા માટે ઈરાને પણ તેલનું ઉત્પાદન ઘટાડ્યું છે. ઈરાની તેલ, ગેસ અને પેટ્રોકેમિકલ નિકાસકારો સંગઠનના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, "અમારી પાસે કાયમી નુકસાન વિના તેલના કુવાઓ બંધ કરવાનો અને જો જરૂરી હોય તો તેને ફરીથી શરૂ કરવાનો નોંધપાત્ર અનુભવ છે." વધતા રાજકીય તણાવ અને વિદેશી વેપારમાં વિક્ષેપોની સૌથી મોટી અસર આવશ્યક ચીજવસ્તુઓની સપ્લાય ચેઇન પર પડી છે. ઈરાન તેની કેટલીક જરૂરિયાતો, જેમ કે દવા, ઘઉં, પશુ અને મરઘાં માટેનો ખોરાક તથા ખાદ્ય તેલ આયાત કરે છે. નાણાકીય પ્રતિબંધો, દરિયાઈ પરિવહન પર પ્રતિબંધો અને નાણાં ટ્રાન્સફરમાં મુશ્કેલીઓને કારણે આ આયાતનો ખર્ચ અને જોખમ વધ્યું છે. ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની સ્થિતિ ચિંતાજનક છે. આ વર્ષે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની પરિસ્થિતિ પાછલા કોઈપણ વર્ષ કરતાં અલગ છે, કારણ કે સ્થાનિક ઉત્પાદન માટે જરૂરી કાચો માલ પૂરતો ઉપલબ્ધ નથી.

ઈરાનના ઉત્તરમાં રશિયા, મધ્ય એશિયા અને કેસ્પિયન સમુદ્ર તરફનો માર્ગ વધુને વધુ મહત્ત્વપૂર્ણ બની રહ્યો છે. ઈરાની અનાજ સંગઠનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના વાઇસ ચેરમેન અમીર હુસૈન આફ્રેશતીપુરે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે ઉત્તરીય માર્ગોનો હિસ્સો, જે અગાઉ દેશની આયાતમાં લગભગ ૫થી ૧૦ ટકા હતો, તે હવે વધીને ૨૫થી ૩૦ ટકા થઈ ગયો છે. સરકારે ખાદ્ય સુરક્ષા જાળવવા માટે ઉત્તરીય સમુદ્રના પરિવહન માર્ગોની ક્ષમતાનો ઉપયોગ કરવાનો પણ પ્રયાસ કર્યો છે. ઉત્તરીય માર્ગો ઉપરાંત, ઈરાનની ઈરાક, તુર્કી, પાકિસ્તાન, અઝરબૈજાન, તુર્કમેનિસ્તાન, આર્મેનિયા અને અફઘાનિસ્તાન સાથેની જમીન સરહદો સક્રિય રહે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભારત તેની ખનિજ તેલની જરૂરિયાતના લગભગ ૯૦ ટકા આયાત કરે છે, ક્રૂડ ઓઇલના વધતા ભાવનો અર્થ એ છે કે ભારતે સમાન પ્રમાણમાં તેલ ખરીદવા માટે વધુ ડોલર ખર્ચવા પડશે**

# BUSINESS મિત્ર

### યુએસ-ઈરાન તણાવ અને ક્રૂડ ઓઈલ $100 પાર પહોંચતાં માર્કેટમાં સતત ત્રીજા દિવસે કડાકો

# યુદ્ધની આગમાં શેરબજાર ખાક: સેન્સેક્સ 813 પોઈન્ટ તૂટ્યો

**ઇન્ટ્રાડે** નીચલા સ્તરે બંધ થયું બજાર; મેટલે સંભાળવાનો પ્રયાસ કર્યો પણ IT સેક્ટરે ડૂબાડ્યા

**એક** જ દિવસમાં રૂ.3.46 લાખ કરોડ ધોવાયા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 9:** સેન્સેક્સની વીકલી એક્સપાયરીના પુર્વે સેન્સેક્સ અને નિફ્ટી સતત ત્રીજા દિવસે નબળા પડ્યા હતા અને ઈન્ટ્રાડે નીચલા સ્તરે બંધ થયા હતા. જેમાં આઈટી સેક્ટરે ભારે દબાણ ઉભું કર્યુ હતું, જે બજારને રીકવર થઈ શક્યું નહતું. જેના લીધે રોકાણકારોના રૂ. 3.46 લાખ કરોડ સ્વાહા થઈ ગયા હતા.

અમેરિકાએ ઈરાનના ઓઈલ ટેન્કર પર હુમલો કર્યો હતો, ત્યારે ઈરાને જોર્ડનમાં યુએસ બેઝ પર પણ 20 મિસાઈલો છોડી હતી. જેના કારણે વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો હતો. આ આગમાં ઘરેલું બજાર પર પણ અસર જોવા મળી હતી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે સેન્સેક્સ 813 પોઈન્ટ તુટયો હતો, જ્યારે નિફ્ટી 23450 પોઈન્ટની નીચે સરકી ગયો હતો અને આજે તે ઈન્ટ્રાડેના નીચલા સ્તરે બંધ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. સેકટર વાઈઝ જોઈએ તો મેટલ શેરોએ બજારને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, જે નિફ્ટી મેટલ ઈન્ડેક્સ દોઢ ટકા સુધર્યો હતો. પણ અન્ય કોઈ સેકટરે તેને ટેકો આપ્યો નહતો, જેમાં આઈટી શેરો ભારે દબાણ રહ્યું હતું. નિફ્ટી આઈટી ઈનડ્કસ 3 ટકા નબળો પડ્યો હતો, જ્યારે રિયલ્ટી 2 ટકા, પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ એક ટકા અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ અડધા ટકા જેટલો ઘટ્યો હતો. બીએસઈ સેન્સેક્સ 813.35 પોઈન્ટ એટલ કે 1.08 ટકા ઘટીને 74764.23 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 75251 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74764 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 203.60 પોઈન્ટ એટલે કે 0.86 ટકા ઘટીને 23450 પોઈન્ટની સપાટી તોડીને 23431.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23571 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23431 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 482 પોઈન્ટ એટલે કે 0.85 ટકા ઘટીને 56295.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે બાયોકોન લિ.માં 75.68 ગણા, વનસોર્સ સ્પેશ્યાલિટીમાં 34.12 ગણા, અદાણી પોર્ટસમાં 21.52 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયામાં 17.58 ગણા અને ડીએલએફ લિ.માં 15.02 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ગ્રેફાઈટ ઈન્ડિયાં 20.78 ગણા, સારદા એનર્જીમાં 12.4 ગણા, વનસોર્સ સ્પેશ્યાલિટીમાં 11.34 ગણા, મેગ્લોર રિફાઈનરીમાં 6.53 ગણા અને ડીએલએફ લિ.માં 6.16 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નરમાઈ રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.33 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.50 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 1886 શેરો વધ્યા હતા, જ્યારે 2485 શેરો ઘટ્યા હતા, જ્યારે 238 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટમાં નવેમ્બર 2026 માટે બ્રેન્ટ ક્રુડ 2.58 ટકા ઉછળીને 100.50 ડોલર પ્રતિ બેરલ થયું હતું. ડોલર વધુ ઉછળીને 95ની સપાટી કુદાવી હતી. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો ઘટાડો થયો હતો, જ્યારે એશિયન બજાર મિશ્ર રહ્યા હતા. બ્રેન્ટ ક્રુડ 100 ડોલર પ્રતિ બેરલના માઈલસ્ટોનને પાર કરતા વૈશ્વિક રોકાણકારો સાવચેત થયા હતા અને વેચવાલીનું દબાણ વધ્યું હતું. મીડલ ઈસ્ટમાં તણાવ વધતા યુરોપિયન સેન્ટ્રલ બેન્કને વધુ નાણાકીય નીતિ કડક બનાવવાની ધમકી આપવામાં આવી હતી. ગર્વનીગ કાઉન્સીલ તરફથી 25 બેસીસ પોઈન્ટ વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો છે.

### ડોલર ઉછળીને 95ને પાર

કરન્સી બજારમાં આજે પણ ડોલરમાં મજબૂતાઇ આગળ વધી હતી. ડોલર ઉછળીને 95ને પાર નીકળી ગયા હતા. ક્રુડ ઓઇલના ભાવ 100 ડોલરને પાર નીકળતા ડોલરમાં વધુ મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 28 પૈસા ઘટીને 95.11ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.83ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.59, પાઉન્ડ 128.52, કેનેડિયન ડોલર 68.92, ઓસ્ટ્રેલિયન ડોલર 68.47, જાપાનીઝ યેન 0.6205 અને સીંગાપોર ડોલર 75.48ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.11 રૂ. |
| યુરો | 110.59 રૂ. |
| પાઉન્ડ | 128.52 રૂ. |
| યેન | 0.6205 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -813.35 | 74764.23 |
| નિફ્ટી | -203.60 | 23431.50 |
| બેન્ક નિફ્ટી | -482.00 | 56295.55 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટરપ્રાઇઝ | 5.13 | 3104.70 |
| મેક્સ હેલ્થકેર | 4.48 | 1037.50 |
| અદાણી પોર્ટસ | 3.80 | 1775.00 |
| કોલ ઇન્ડિયા | 2.56 | 431.00 |
| ટાટા સ્ટીલ | 2.50 | 188.75 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 4.34 | 1035.00 |
| HDFC લાઇફ | 3.71 | 514.00 |
| એચસીએલ ટેકનો | 3.70 | 1229.80 |
| ટેક મહિન્દ્રા | 3.27 | 1508.00 |
| વિપ્રો | 2.62 | 167.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 3.67 | 1771.55 |
| ટાટા સ્ટીલ | 2.42 | 188.55 |
| ટ્રેન્ટ | 1.12 | 2821.30 |
| એનટીપીસી | 0.53 | 333.25 |
| એશિયન પેઇન્ટસ | 0.08 | 2482.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 4.55 | 1226.55 |
| ઇન્ફોસીસ | 4.43 | 1035.00 |
| ટેક મહિન્દ્રા | 3.87 | 1502.25 |
| ટીસીએસ | 2.26 | 2209.00 |
| એચડીએફસી બેન્ક | 2.23 | 687.25 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ '' | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૯૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-30 | ૫૮૦૦ |
| એસ-30 | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૮૬૫૦ |
| તેજાબી સોનું | ૧૫૮૫૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૭૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૫૪૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૮૬૫૦૦ |
| ચાંદી (૯૯) | ૨૪૨૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૩૯૦૦ |

# શેરબજારમાં મંદી વચ્ચે Paytmનો ધમાકો: સ્ટોક 5 વર્ષની નવી ઊંચાઈએ

**'એજન્ટિક AI'** અને નવો બિઝનેસ મોડલ લાવવાના અહેવાલથી શેરમાં 4%થી વધુનો ઉછાળો

મુંબઈ, તા. 9: શેરબજારમાં ઘટાડો રહ્યો હતો, પણ પેટીએમ એ બજાર ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. જે ટોચના ફ્યુચર ગેઈનર્સમાં સામેલ છે, જે 4 ટકાથી વધુનો ઉછાળો લગાવે છે. હાલમાં આ શેર 4.62 ટકા વધારા સાથે રૂ. 1745ના સ્તરે બંધ રહ્યા હતા. જે ઈન્ટ્રાડેમાં રૂ. 1757ની નવી ઉંચાઈ બનાવી હતી, જે પાંચ વર્ષની ઉંચાઈએ પહોંચી ગયો છે, અને બાવન વીકના નીચા સ્તરથી બમણો થઈ ગયો છે.

ડિજિટલ પેમેન્ટ જાયન્ટ પેટીએમમાં એક અહેવાલ બાદ ઉછાળો આવ્યો હતો. કંપની આવક વૃદ્ધિને વેગ આપવા માટે એજન્ટિક એઆઈ અપનાવીને નવા વ્યવસાયમાં પગ મુકવા જઈ રહી છે. બ્લુમબર્ગના જણાવ્યા અનુસાર કંપની એન્ટરપ્રાઈઝ ગ્રાહકોને એઆઈ એજન્ટો વેચવાનું શરૂ કરશે. કંપની બોટની માગની અપેક્ષા રાખે છે જે ન્યુનતમ દેખરેખ સાથે આપમેળે વિવિધ કાર્યો અને કાર્યોને સંભાળી શકે છે. આ પગલું કંપનીના મુખ્ય વ્યવસાયથી તદ્દન અલગ છે, જેમાં તે ગ્રાહકો અને વ્યવસાયો માટે ડિજિટલ ચુકવણીનું સંચાલન કરે છે અને લોન અને રોકાણો જેવી સેવાઓની શ્રેણી પ્રદાન કરે છે.

એઆઈ પેટીએમ માટે નવું ગ્રોથ એન્જિન બનશે. કંપની હવે તેના એઆઈ ટુલ્સને અન્ય કંપનીઓને વેચવાની યોજના ધરાવે છે. કંપનીના એઆઈનો ઉપયોગ છેતરપીંડી શોધ, સંગ્રહ, ગ્રાહક રિટેન્શન, અન્ય કંપનીઓના વેચાણમાં કરવામાં આવશે. એસએમઈ અને મોટા ઉદ્યોગો માટે કંપની દ્વારા એઆઈ એઝ એ સર્વિસ મોડેલ રજૂ કરવામાં આવશે.

સુત્રોના જણાવ્યા અનુસાર કેટલાક એઆઈ પ્રોડકટસે પણ શરૂઆતમાં કમાણી શરૂ કરી દીધી છે. કોમર્સ ક્લાઉડથી અલગ એઆઈ કમાણી એક વર્ષમાં શરૂ થવાની ધારણા છે. એઆઈ ઓછા ખર્ચે વધુ કામ કરશે અને ઓપરેટીંગ લીવરેજથી પણ લાભ મળશે. માર્કેટ નિષ્ણાતોનું કહેવું છે કે જો એઆઈની વાત આગળ વધે છે તો પેટીએમના રિરેટિંગનો માર્ગ મોકળો કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ઓનલાઈન ટિકીટીંગમાં પેટીએમનો લગભગ 28 ટકા હિસ્સો છે. ટિકીટીંગથી વપરાશકર્તામાં વધારો થશે.

# 2026માં સ્માર્ટફોન સરેરાશ 21 ટકા મોંઘા થયા, મેમરીનો ખર્ચ 5 ગણો

**ઓછી** કિંમતના સ્માર્ટફોનના શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે 45 ટકાનો ઘટાડો

**મેમરીની** અછતથી વૈશ્વિક સ્તરે ભાવ 15% અને ભારતમાં 21% વધ્યા; 80થી વધુ સ્માર્ટફોન મોડેલોમાં ભાવવધારો નોંધાયો

મુંબઈ, તા. 9: ભારતમાં 2026માં સ્માર્ટફોનના ભાવમાં સરેરાશ 21 ટકાનો તીવ્ર વધારો થયો છે, જે મુખ્ય વૈશ્વિક બજારોમાં સૌથી તીવ્ર વધારો છે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના ગ્લોબલ સ્માર્ટફોન પ્રાઈસ ઈન્ક્રીઝ ટ્રેકર અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં વૈશ્વિક સ્માર્ટફોન રિટેલ ભાવમાં લગભગ 15 ટકાનો વધારો થયો છે.

ભારતમાં 21 ટકાનો સૌથી વધુ, ત્યારબાદ એશિયા પેસિફિકમાં 19 ટકા અને મધ્ય પૂર્વ અને આફ્રિકામાં 18 ટકાનો વધારો થયો છે.

સ્માર્ટફોનના ભાવમાં વધારાનું મુખ્ય કારણ ઉત્પાદકો માટે મેમરી ખર્ચમાં વધારો છે. સપ્ટેમ્બર 2025 થી સ્માર્ટફોન મેમરીના ભાવમાં લગભગ ચાર ગણો વધારો થયો છે, DRAM અને NAND ખર્ચમાં વધારો થવાને કારણે રૂ. 15,000 થી ઓછી કિંમતના સ્માર્ટફોન માટે આવશ્યક મટીરીયલ એવી મેમરીનો હિસ્સો 45 ટકા થી ઉપર પહોંચી ગયો છે. આ અછત AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વધતી માંગ સાથે સીધીરીતે જોડાયેલી છે. મેમરી ઉત્પાદકો AI સર્વર્સમાં વપરાતી ઉચ્ચ-બેન્ડવિડ્થ મેમરીને વધુ ઉત્પાદન ક્ષમતા ફાળવી રહ્યા છે, જેના કારણે સ્માર્ટફોન અને અન્ય ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સમાં વપરાતી પરંપરાગત મેમરીનો પુરવઠો ઓછો થઈ ગયો છે. AI માંગને કારણે મેમરી સપ્લાય પર વધુ દબાણ આવતાં DRAM ના ભાવ પાછલા વર્ષની સરખામણીમાં પાંચ ગણા વધ્યા છે.